મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં કોરોનાના બુસ્ટર ડોઝની અછત

કોરોનાના બુસ્ટર ડોઝની છેલ્લા ઘણા સમયથી અછત વર્તાઈ રહી છે : વડીલો બુસ્ટર ડોઝથી વંચિત : તાકીદે વ્યવસ્થા કરવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં કોરોનાના બુસ્ટર ડોઝની સતત અછત વર્તાઈ રહી છે. છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં બુસ્ટર ડોઝનો સ્ટોક આવ્યો ન હોવાથી વડીલોને બુસ્ટર ડોઝ મળતો નથી. બુસ્ટર ડોઝ માટે વડીલો ધક્કા ખાઈ રહ્યા છે.

કોરોનાના બંને ડોઝ લીધાના નવ મહિના થઈ ગયા હોય તેમને પ્રિકોશન ડોઝ કે બુસ્ટર ડોઝ આપવાની જાહેરાત ઘણા મહિનાઓ પહેલા સરકારે કરી હતી. ખાસ કરીને વડીલો અને હાઈરીસ્ક કેટેગરીમાં હોય એવા વ્યકિતને બુસ્ટર ડોઝ આપવાની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત થયા બાદ કેટલાક



રસીકરણ કેન્દ્રો પર રસીનો જથ્થો પહોંચાડીને બુસ્ટર ડોઝ આપવાનું શરુ કરાયું હતું. આ કામગીરી થોડાક સમય માટે યોગ્ય રીતે ચાલી હતી. જો કે તે પછી આ કામગીરી જાણે મંદ પડી ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી તો રસીકરણ કેન્દ્રો પર રસીનો સ્ટોક જ આવતો નથી. બુસ્ટર ડોઝની આશાએ રસીકરણ કેન્દ્રો પર જતા વડીલોને ધકકા ખાવા પડે છે. શહેરના લગભગ તમામ રસીકરણ કેન્દ્રો પર બુસ્ટર ડોઝનો જથ્થો સમાપ્ત થઈ ચુકયો છે.

હાલમાં કોરોનાની સ્થિતિ થોડીક કાબુમાં હોવાથી બુસ્ટર ડોઝની અછત બાબતે એટલી બુમ સંભળાતી નથી પરંતુ જો એક વખત કેસ વધવા માંડશે તો બુસ્ટર ડોઝની તાતી જરૂરીયાત રહેશે. હાલમાં પરિસ્થિતિ કાબુ હેઠળ છે ત્યારે બુસ્ટર ડોઝ ત્વરીત ઉપલબ્ધ કરાવાય તે જરૂરી છે. ઘણા વયસ્ક નાગરિકોને રસીના બે ડોઝ લીધે નવ મહિના જેટલો સમય થઈ ગયો હોવાથી બુસ્ટર ડોઝ તેમને આપીને જોખમ ઘટાડી શકાય છે.

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન, યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ, મિલાપ ટાટારિઆ અને વિશ્વ હિન્દુપરિષદ તથા બજરંગદળના સહયોગથી તા. ૫ મે થી ૧૩ મે દરમિયાન ભારતમાતા મંદિર, સે. ૭/એ ખાતે મેગા સમરકેમ્પ ૨૦૨૨ અને ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન ટેક્વોન્ડો, સેલ્ફ ડિફેન્સ, વેપન્સ ટ્રેનિંગ, યોગા, ગન શૂટિંગ, સ્કેટિંગ, ટ્રેકિંગ, ડ્રિલ, શારિરીક-માનસિક ફિટનેસની વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી અને સતત ૯ દિવસ સુધી તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓને ગૌરવ સાથે સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં સિનિયર્સએ ભાગ લેનાર તાલીમાર્થીઓને તાલીમ આપી હતી સાથે સાથે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું અને સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટરિઆએ કેમ્પમાં વિશેષ સહભાગી થઈ મેગા સમર કેમ્પને સફળ બનાવ્યો હતો તથા દરેક એ દરેક ટીમનો, તાલીમાર્થીઓનો, સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર તથા કોચશ્રીઓ અને તાલીમાર્થીઓનાં માતા-પિતાશ્રીઓનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી કડવા પાટીદાર બેતાલીસ સમાજ એકતા વિકાસ મંચ અને ધરતી પરિવાર, મહેસાણા દ્વારા આયોજિત ત્રીજી મેથી ૧૨મી મે સુધી દસ દિવસની ૭૧ મી તાલીમ શિબિર ના છેલ્લા દિવસે શિબિરાર્થી દીકરીઓ દ્વારા ચાર કલાક નો સાંસ્કૃતિક કાર્યક્રમ શ્રી બ્રહ્માણી હોલ, કડી સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર ૨૩, ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં ૨૨ જુદા જુદા ગામની શિબિરાર્થી બહેનોના ૩૦૦થી વધુ વાલી અને મહેમાનો એ હાજર રહીને શિબિરાર્થી બહેનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ફૂડ એન્ડ ડ્રગ્સ કંજ્યુમર કમિટીના છઠ્ઠા ફાઉન્ડેશન દિવસ નિમિત્તે ગુજરાત ના પ્રેસિડેન્ટ અનિલભાઈ મોરે, વાઈસ પ્રેસિડેન્ટ રાકેશભાઈ પ્રજાપતિ, જનરલ સેક્રેટરી ગુજરાત દિપકભાઈ વ્યાસ, નિર્ભયમાર્ગ ન્યૂઝના એડિટર રાજેશભાઈ યોગી, બ્રહ્મસમાજ ના યુવા હોદેદાર રાજનભાઈ ત્રિવેદી, યુવા સમાજ સેવક કમલેશભાઈ તથા કમિટીના અન્ય હોદેદારોની હાજરીમાં ફાઉન્ડેશન દિવસની ઉજવણી નિમિતે જરૂરતમંદને કપડાં, નાસ્તો, છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાયસણ પંચેશ્વર મંદિર દ્વારા સિનિયર સિટિજન ભાઈ-બહેનો માટે ધાર્મિક પ્રવાસ

રાયસણના પંચેશ્વર મંદિર દ્વારા કરવામાં આવતા આધ્યાત્મિક અને રચનાત્મક કાર્યોના ભાગરુપે ૧૨૫ જેટલા સિનિયર સિટિજન ભાઈબહેનોના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરના અગ્રણી બિલ્ડર ચરાડાવાળા રમેશભાઈ પટેલ અને કેતનભાઈ પટેલના સૌજન્યથી આયોજીત આ યાત્રા પ્રવાસના શ્રદ્ધાળુ યાત્રાળુઓને ગાયત્રી મંદિર માણસા, મોટા અંબાજી, ખેડબ્રહ્મા નાના અંબાજ, હાટકેશ્વર મંદિર, વડનગર, તારંગાજી, ઉમિયા માતાજી ઉંઝા, ગણપતિ મંદિર ઐઠોરનાં દર્શન કરાવવામાં આવ્યા હતા. મંદિરના પૂજારી અશોકભાઈએ વૈદિક મંત્રોચ્ચાર સાથે યાત્રાળુઓને પ્રસ્થાન કરાવ્યુ હતું .

બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર ખાતે એક દવસીય શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન-બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે યોગ, અધ્યાત્મ, ધ્યાન જેવી બાબતોનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે શ્રી અરવિંદ સાધના કેન્દ્રની એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સી.કે. તન્નાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. ઉપાચાર્ય ડૉ. જયેશ તન્નાના માર્ગદર્શનમાં સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રી અરવિંદ, શ્રીમાતાજી તેમજ પોડીચેરી આશ્રમ, ઓરોવીલ્લ જેવા અનેક વિષય પર પોતાના વિચારો રજુ કર્યા હતા.

સમગ્ર શિબિર બાદ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે કોલેજ દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન થાય છે જે અમારા સર્વાંગી વિકાસ માટે ખુબ ઉપયોગી સાબિત થશે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાવાની ઈચ્છા વ્યકત કરી હતી. વિદ્યાર્થીઓને ડીગ્રીની સાથે સાથે પોતાની આંતરિક સુઝને કેળવવા માટે વધુને વધુ અધ્યાત્મ, યોગ, ધ્યાન તેમજ વાંચન, વકતૃત્વની કળા ખીલવવા જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખવામાં આવે તો ખુબ સારી કારકિર્દીનું ઘડતર તેમજ સમાજમાં શ્રેષ્ઠ નાગરિક તરીકે સફળ બનવાના માર્ગે અગ્રેસર થઈ શકાય છે.

સમગ્ર શિબિરને સફળ બનાવવા સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ડૉ. આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ સહિત કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં DMITનો વેબિનાર યોજાયો



ગાંધીનગર, તા.૧૩

સેકટર-૫ અને સરગાસણ પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં DMITનો વેબિનાર બાળકો માટે યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦ જેટલા વાલીઓએ ભાગ લીધો હતો. આ વેબિનાર માઈન્ડ સેટ કોચ ડૉ. અપૂર્વા રાવલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ફિંગર પ્રિન્ટ દ્વારા બાળકના મગજનો અભ્યાસ કેવી રીતે કરવો તેની ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. ડિવાઈન જુનિયરના સ્થાપક ગીરા ચૌધરી આવા આયોજનો કરીને સંસ્થાનો સર્વાંગી વિકાસ વિકસાવી રહ્યા છે. આ વેબિનાર સફળતાપૂર્વક યોજાવા બદલ સ્કૂલના સ્થાપક દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

ધારાસભ્યોની ગ્રાન્ટનો ઉપયોગ ગ્રામ્ય શાળાઓના વિકાસ માટે કરવો જોઈએ

ગાંધીનગર, તા.૧૩

કોરોના દરમિયાન રાજયમાં હોસ્પિટલોમાં સાધન સુવિધા ઉભી કરવા માટે સરકારે તમામ ધારાસભ્યોને તેમની ગ્રાન્ટમાંથી રૂપિયા ૫૦ લાખ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે સાધનો વસાવવા માટે ફાળવવા આદેશ કર્યા હતા. હવે એક વર્ષ બાદ સરકારે ધારાસભ્યોને નિયમમાંથી મુકિત આપી છે. આ આદેશથી આરોગ્યક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ છે.

હાલમાં ગુજરાતમાં ગ્રામ્ય ક્ષેત્રે શિક્ષણની હાલત એટલી ગંભીર બની છે કે તેને ઈમરજન્સી ધોરણે તાકીદે ઉકેલવાની આવશ્યકતા છે. ગ્રામ્ય શાળાઓમાં મકાનોને મરામત, વધુ ઓરડાઓ બનાવવા માટે ૫૦ લાખ ફાળવવાનું ફરજિયાત બનાવવામાં આવશે તો આ મહત્વની કામગીરી ખૂબ ઝડપથી પૂરી કરી શકાશે. જે પ્રમાણે આરોગ્યક્ષેત્રે ટૂંક સમયમાં મહત્વની કામગીરી થઈ શકી કે રીતે હવે ગ્રામ્ય સ્તરે શાળાઓના ઉત્થાન માટે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી રૂપિયા ૫૦ લાખ રિઝર્વ કરીને શિક્ષણક્ષેત્રની આવશયકતા તાત્કાલિક પૂરી કરી શકાશે.

આપણા બંધારણીય અધિકારોમાં આરોગ્યની જેમ શિક્ષણ પણ પ્રાથમિક અધિકારનું સ્થાન ધરાવે છે. તેની પૂર્તિ માટે આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવશે તો ગુજરાતની કામગીરી સર્વત્ર આવકાર પામશે. રાજય સરકારના બજેટમાંથી શિક્ષણ ક્ષેત્રે ફાળવાયેલી તમામ રકમ ખૂબ ઝડપથી ગ્રામ્ય શાળાઓની આવશયકતાની પૂર્તિ માટે વાપરવામાં આવે તે પણ સુનિશ્ચિત કરવાની આવશ્યકતા છે

શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતોની પૂર્તિ ઝડપથી કરવા મ્યુનિસિપલ કમિશનરને સૂચના આપવામાં આવે તે આવશ્યક છે. ગ્રામ્ય શાળાઓમાં ઘટતા શિક્ષકોની ભરતીની કામગીરી પણ આગામી ત્રણ મહિનામાં પૂર્ણ કરવાનો શિક્ષણ વિભાગને આદેશ કરવા મુખ્યમંત્રીને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અરજી કરી છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વણઝારા તેજાજી સવાજી,** ઉ.વ. ૩૮, સે-૨૪, છાપરાં
- **સ્વ. રાઠોડ કરણજી હનુજી,** ઉ.વ. ૬૯, વડવાસા, દહેગામ
- **સ્વ. પટેલ પ્રવિણાબેન અશોકકુમાર,** ઉ.વ. ૪૮, પેથાપુર

જન્મદિને વધામણી

કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫

મકવાણા પ્રવિણભાઈ આર.

પ્રિયાંશી ભાવેશભાઈ વાળંદ
મો. ૯૧૦૪૪ ૪૩૩૭૬

જય કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬

ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

અશોક ભોગીલાલ ત્રિવેદી
રિટાયર્ડ આઈટીઆઈ પ્રિન્સિપાલ
મો. ૯૮૭૯૮ ૮૩૧૧૪



દેવ પ્રકાશકુમાર બારોટ
મો. ૯૪૨૬૩ ૫૨૭૯૨

લગ્નપ્રસંગોના વિવિધ રીતિ રિવાજો

વરરાજા ઘોડી પર કેમ બેસે છે : વર-કન્યા શા માટે માળા પહેરે છે? : પીઠી-મહેંદી, સંગીત, ચોખા વિવિધ વિધિઓની માન્યતાઓ

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે ત્યારે લગ્નપ્રસંગોમાં હિંદુ ધર્મમાં મનાતા રીતરિવાજો વિશે થોડુંક જાણીએ. હિંદુ ધર્મમાં લગ્નની વિધિને ખૂબ મહત્વ અપાય છે અને માત્ર લગ્ન જ નહીં પરંતુ લગ્ન પહેલાની વિધિને પણ ખૂબ મહત્વ અપાય છે. પીઠી, મહેંદી, સંગીત, ચોખા જેવી વિવિધ વિધિઓ કરવામાં આવે છે. લગ્નના દિવસે વરરાજા ઘોડી પર બેસે છે અને જાન સાથે કન્યાના ઘરે પહોંચે છે અને વરરાજા-કન્યા એકબીજાને વરમાળા પહેરાવે છે. આ દરમિયાન જૂતાની ચોરીની એક વિધિ પણ થાય છે જેમાં કન્યાની નાની બહેન વરના જૂતા ચોરી લે છે અને તે જૂતા પાછા મેળવવા માટે રૂપિયા આપવા પડે છે. આ ધાર્મિક વિધિઓ પાછળ માત્ર ધાર્મિક અર્થ જ નથી પરંતુ વૈજ્ઞાનિક તથ્યો પણ છુપાયેલા છે. હિંદુ ધર્મમાં હળદરને શુભતાનું પ્રતિક માનવામાં આવે છે તેથી વર કન્યાના લગ્ન પીઠીની વિધિથી શરૂ- થાય છે. આ સિવાય વર્ષોથી હળદરનો ઉપયોગ બ્યુટી પ્રોડકટ તરીકે કરવામાં આવે છે એવું માનવામાં આવે છે કે હળદર અને ઉબટન લગાવવાથી ત્વચા સુંદર બને છે. તેમજ હળદર ત્વચા પર કોઈ પણ પ્રકારના ઈન્ફેકશનની સમસ્યાને દૂર કરે છે કારણકે તેને એન્ટિ બાયોટિક માનવામાં આવે છે.

મહેંદીને દુલ્હનનો શણગાર માનવામાં આવે છે તેને શુભ પણ માનવામાં આવે છે અને ખુશીના પ્રસંગો પર લગાવવામાં આવે છે

તેથી લગ્ન પહેલાં કન્યાની મહેંદી વિધિ થાય છે. આ સિવાય મહેંદીમાં તત્વ ઠંડુ છે તેને લગાવવાથી મન શાંત થાય છે. આવી સ્થિતિમાં વર કન્યાને કોઈ પણ પ્રકારના તણાવમાંથી મુકિત મળે છે એવું પણ માનવામાં આવે છે કે છોકરીની મહેંદી જેટલી ઘાટી આવે છે એટલો એને પતિ તરફથી વધુ પ્રેમ મળે છે. એવું માનવામાં આવે છે કે ચોખાની પ્રથા શ્રી કૃષ્ણના સમયથી શરૂ થઈ હતી જયારે તેમણે સૌ પ્રથમ સુદામાની છોકરીના લગ્નમાં પરિવારના સભ્યો માટે ભેટ લીધી હતી. આજના સમયમાં મામા વતી ભેટ (મામેરુ) લવાય છે. વરને ઘોડી પર બેસાડવા પાછળ પણ એક તર્ક છે કે ઘોડીને તમામ પ્રાણીઓમાં રમતિયાળ અને વિષયાસકત માનવામાં આવે છે. આ વિષયાસકત પ્રાણીની પીઠ પર બેસવું એ સંકેત છે કે વ્યકિતએ કયારેય આ સ્વભાવને પોતાના પર પ્રભુત્વ ન થવા દેવું જોઈએ.

માળા એ વાતનું પ્રતીક છે કે વર અને કન્યા બંનેએ એકબીજાને દિલથી સ્વીકાર્યા છે તેને આ લગ્ન સામે કોઈ વાંધો નથી. એવું માનવામાં આવે છે કે સમુદ્ર મંથનમાંથી પ્રગટ થયા બાદ માતા લક્ષ્મીએ પણ નારાયણને માળા પહેરાવી હતી. પહેલાના સમયમાં સ્વયંવર દરમિયાન પણ છોકરીઓ માળા પહેરાવીને વર તરફ તેમની અનુમતિ વ્યકત કરતી હતી.